# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-02-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM-PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે "પરીક્ષા પે ચર્ચા" ની ૭મી આવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો. આજે રિલીઝ થયેલા એક વિડીયોમાં, પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાને કેવી રીતે દૂર કરવી તે અંગે સંબોધન કર્યું. દરમિયાન, શ્રી મોદીએ વિદ્યાર્થીઓને તેમની પોતાની અનોખી શીખવાની રીતો પર વિશ્વાસ રાખવાની સલાહ આપી. તેમણે કહ્યું કે લક્ષ્ય સંપૂર્ણ જીવનનો વિકાસ કરવાનું હોવું જોઈએ.

**(BYTE : PPC-PM-ON-EXAM-GOAL)**

એક વિદ્યાર્થી સવાબત વેંકટેશે પ્રધાનમંત્રીને પૂછ્યું કે શું કૌશલ્ય ગુણ કરતાં વધુ મહત્વપૂર્ણ છે. શ્રી મોદીએ જવાબ આપ્યો કે જીવનના દરેક પાસામાં સંતુલન જરૂરી છે.

**(BYTE : PM-SAVABAT--BALANCE-PPC)**

તેમણે વિદ્યાર્થીઓને મોટા સપના જોવા, ડર ઓછો કરવા અને જીવનચરિત્રોમાંથી પ્રેરણા લેવા વિનંતી કરી. આ વર્ષે દેવમોગરા, કોઈમ્બતુર, રાયપુર, ગુવાહાટી અને દિલ્હી ખાતે વિદ્યાર્થીઓ સાથે સંવાદ સત્રો યોજવામાં આવ્યા હતા. શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે MyGov પોર્ટલ દ્વારા ચાર કરોડ પચાસ લાખથી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ આ કાર્યક્રમ માટે નોંધણી કરાવી છે.

દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરની આનંદ નિકેતન સ્કુલમાં આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

. . . . . . . . . . . . .

# ARVALLI - PPC

અરવલ્લી જિલ્લાની અઢીસો જેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ 1200 જેટલી પ્રાથમિક શાળાઓમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમનું પ્રસારણ કરાયું. કાર્યક્રમ બાદ વિદ્યાર્થિની રીયા પંચાલે પ્રતિક્રિયા આપી.

**(BYTE – RIYA PANCHAL, STUDENT)**

. . . . . . . . . . . . .

# POSHAN WCD

રાજ્યની સગર્ભા, ધાત્રી માતાઓ અને ૦ થી ૬ વર્ષના બાળકોને પોષણક્ષમ આહાર અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના હેતુથી એક વિશેષ ‘મહિલા અને બાળ વિકાસ WCD કવરેજ ઝુંબેશ અંતર્ગત 5.14 લાખ નવા લાભાર્થીઓને આંગણવાડીની વિવિધ યોજનાથી **લાભાન્વિત** કરાયા છે.

નવેમ્બર 2025 થી જાન્યુઆરી 2026 દરમિયાન હાથ ધરાયેલી આ વિશેષ ઝુંબેશમાં આદિવાસી વિસ્તારના બે લાખ 55 હજારથી વધુ લાભાર્થીઓ, ગ્રામીણ વિસ્તારોના બે લાખ સાત હજારથી વધુ તથા શહેરી વિસ્તારના 51 હજાર જેટલા લાભાર્થીઓને આંગણવાડી સાથે જોડવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# RAMSAR CERTIFICATE

કચ્છ જિલ્લાના 'છારી-ઢંઢ'ને મળેલા 'રામસર સાઇટ'ના દરજ્જાનું પ્રમાણપત્ર વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને અર્પણ કર્યું.  મુખ્યમંત્રીએ ગુજરાતની આ સિદ્ધિ બદલ મંત્રી સહિત વન વિભાગની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા.

નોંધનીય છે કે, છારી-ઢંઢ એ ગુજરાતનું આ પાંચમું અને કચ્છનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતું જળપ્લાવિત ક્ષેત્ર બન્યું છે.

. . . . . . . . . . . . .

# JUNAGADH RIVABA

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ જૂનાગઢની પીએમ કન્યા શાળા નંબર 4ની મુલાકાત લીધી. તેમણે બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ વિજ્ઞાનના પ્રયોગો નિહાળ્યા હતા અને વિદ્યાર્થીઓને આનુસંગિક સુવિધા

અને પ્રવૃત્તિની જાણકારી પણ પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ તેમણે બાળકો સાથે ભોજન લીધું અને મધ્યાહ્ન ભોજન અંગે જરૂરી સૂચન કર્યા હતા.

. . . . . . . . . . . . .

# CM SURENDRANAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સુરેન્દ્રનગરમાં 539 કરોડ રૂપિયાના 33 વિકાસકાર્યોની ભેટ આપશે., કાર્યક્રમ અંતર્ગત શિક્ષણ અને શહેરી સુવિધાના કુલ 82 કરોડ રૂપિયાના ખર્ચે 8 કામો જનતા માટે ખુલ્લા મૂકાશે. જેમાં શિક્ષણ વિભાગ દ્વારા મૂળી તાલુકામાં માધ્યમિક શાળાનું બાંધકામ, વઢવાણમાં 42 કરોડના ખર્ચે 'નલ સે જલ' યોજના તેમજ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ માર્ગના લોકાર્પણ થશે.

કાર્યક્રમ દરમિયાન કુલ 457 કરોડના વિવિધ 25 કામોનું ભૂમિપૂજન કરવામાં આવશે. જેમાં 83 કરોડના ખર્ચે વઢવાણ-ખોલડીયાદ-કુલગ્રામ રોડનું મજબૂતીકરણ તેમજ 140 કરોડના ખર્ચે સુરેન્દ્રનગરમાં કેટેગરી-સી ટાઈપના 168 અને બી ટાઈપના 156 સહિત કુલ 324 આવાસનું નિર્માણ કરવામાં આવશે. 55 કરોડના ખર્ચે રિવરફ્રન્ટનું વિસ્તરણ, પાણી પુરવઠાના કામોમો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# AMRELI BRIDGE

અમરેલી શહેરમાં જેસીંગપરા કામનાથ બ્રિજના નવીનીકરણ માટે રાજ્ય સરકારે 22 કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. આ બ્રિજ જર્જરિત હાલતમાં હતો, જેના કારણે તેને વાહનવ્યવહાર માટે બંધ કરાયો હતો. બ્રિજ પરથી દૈનિક અંદાજે 20થી 25 હજાર નાગરિકોની અવરજવર રહેતી હતી, જેના કારણે શહેરના ટ્રાફિક અને જનસુરક્ષાને લગતી ગંભીર સમસ્યાઓ સર્જાઈ હતી. જેને પગલે મંત્રી કૌશિક વેકરિયાએ મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી.

. . . . . . . . . . . . .